# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-02-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## અંદાજપત્ર

રાજ્યનું 2025-26નું અંદાજપત્ર નાણા મંત્રી કનુ દેસાઇએ આજે વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું. ગત વર્ષની સરખમણીએ 17 ટકાના વધારા સાથે ત્રણ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું અંદાજપત્ર રજૂ કરાયું છે.વિકસિત ગુજરાત-૨૦૪૭ થકી વિકસિત ભારત-૨૦૪૭નું નિર્માણ કરવા વિકાસના પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંશાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત આ અંદાજપત્ર રજૂ કરાયું.

અંદાજપત્રમાં વિવિધ વિભાગોની નાણાકીય જોગવાઈઓ કરાઈ છે. જેમાં સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અપાતી શિષ્યવૃત્તિ માટે ચાર હજાર ૮૨૭ કરોડ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ૬ હજાર ૮૦૭ કરોડ, આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫૧૨૦ કરોડની જોગવાઇ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ બે હજાર ૭૮૨ કરોડ, શિક્ષણ વિભાગ માટે કુલ ૫૯ હજાર ૯૯૯ કરોડ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે ૨૫ હજાર ૬૪૧ કરોડ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે ચાર હજાર ૨૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

---

## અંદાજપત્ર જાહેરાતો:

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ આ અંદાજપત્રમાં નાગરિકોની સુવિધા વધારતી નવી જાહેરાતો પણ કરી છે.

જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ આવાસ યોજનામાં અપાતી હાલની એક લાખ 20 હજાર રૂપિયાની સહાયમાં મકાનદીઠ 50 હજાર રૂપિયાનો વધારો કરી હવે એક લાખ 70 હજાર રૂપિયાની સહાય અપાશે. જ્યારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 21 ટકાનો વધારો કરાયો છે.

શ્રી દેસાઈએ ઉમેર્યું કે, દિવ્યાંગ સંત સૂરદાસ યોજના હેઠળ 80 ટકાની જગ્યાએ 60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા 85 હજારથી વધુ દિવ્યાંગજનોને 12 હજાર રૂપિયાની સહાય મળશે. અંદાજપત્રમાં ગાંધીધામ સહીત નવ નવી મહાનગરપાલિકાઓના વિકાસને વેગ આપવા માટે 2 હજાર 300 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

જ્યારે 10 જિલ્લાઓમાં કુલ 20 સ્થળે સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બાંધવામાં આવશે, જેનો લાભ 13 હજારથી વધુ વિદ્યાર્થીઓને થશે.

---

## મુખ્યમંત્રી-અંદાજપત્ર પ્રતિક્રિયા :

આજે રજૂ થયેલા અંદાજપત્ર અંગે પોતાની પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, 'વિકસિત ભારત @ 2047' ના વિઝનને વિકસિત ગુજરાતના નિર્માણ થકી સાકાર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપવા માટેનું આ બજેટ છે.

(બાઈટ... મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ)

---

## અંદાજપત્ર-કચ્છ જાહેરાત:

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે રજૂ કરેલા અંદાજપત્રમાં કચ્છને લગતી વિવિધ જાહેરાતો કરવામાં આવી છે.

ભુજ-નખત્રાણા ચાર માર્ગીય હાઈસ્પિડ કોરીડોરની કામગીરી માટે 937 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. તો અન્ય ૪ જીલ્લાઓની સાથે કચ્છમાં પણ મેગા ફૂડ પાર્કનું નિર્માણ કરાશે. કચ્છના ચાડવા રખાલ ખાતે હેણોતરો બ્રિડિંગ સેન્ટર બનાવવામાં આવશે તેવી જાહેરાત પણ નાણામંત્રીએ કરી છે.

આ ઉપરાંત, સૌરાષ્ટ્ર તથા કચ્છ શાખા નહેરના પમ્પિંગ સ્ટેશન તથા હાઈડ્રો પાવર સ્ટેશન પર કુલ 14 જગ્યા પર સોલાર પ્રોજેક્ટ માટે 300 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

---

## વિશ્વ માતૃભાષા દિવસ:

૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૫ - વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના અનુસંધાને " માતૃભાષા મહોત્સવ-૨૦૨૫" અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટ ભુજના સંયુક્ત ઉપક્રમે કચ્છી ભાષા સંવર્ધન હેતુ કચ્છી વક્તાઓના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છી ભાષામાં વ્યાખ્યાન દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

---

## આરોગ્ય  મેગા નોંધણી:

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આજથી કચ્છ જિલ્લામાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના દર્દીઓ માટે મેગા નોંધણી ઝુંબેશ હાથ ધરાઈ છે. જે આગામી 31મી માર્ચ સુધી ચાલશે..

---